# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા : ૧૦/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની રજૂઆતને પગલે DGTR દ્વારા વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન ઉપર એન્ટી સબસિડી ડયુટી નહીં લાગુ કરવાનો નિર્ણય જાહેર કરાયો

## હવે સુરતનો કાપડ ઉદ્યોગ પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરાયેલી એકસપોર્ટ વધારવાની હાંકલમાં ઝડપી યોગદાન આપી શકશે

### ચેમ્બરની સાથે ફિઆસ્વી, સુરત વિસ્કોસ વિવર્સ એસોસીએશન અને પાંડેસરા વિવર્સ કો–ઓપરેટીવ સોસાયટી લિ. દ્વારા પણ રજૂઆતો કરવામાં આવી હતી

**સુરત.** ડિરેકટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીજ, ભારત સરકારમાં એસોસીએશન ઓફ મેઇન મેડ ફાયબર ઇન્ડસ્ટ્રી ઓફ ઇન્ડિયા દ્વારા ચાઇનાથી આયાત થતા વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન ઉપર એન્ટી સબસિડી ડયુટી લાદવા માટે અરજી કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં તા. ૨૦ જુલાઇ ૨૦૨૦ના રોજથી ડીજીટીઆર દ્વારા આ મુદ્દે તપાસ હાથ ધરવામાં આવી હતી.

વિસ્કોસ ફિલામેન્ટ યાર્નનો ૮૫ ટકા જેટલો વપરાશ સુરતમાં થાય છે. જેથી સુરત સ્થિત મોટા ભાગના વિવર્સ એસોસીએશન જેવા કે ફિઆસ્વી, સુરત વિસ્કોસ વિવર્સ એસોસીએશન, પાંડેસરા વિવર્સ કો–ઓપરેટીવ સોસાયટી લિ. અને વેડ રોડ આર્ટ સિલ્ક સ્મોલ સ્કેલ કો–ઓપરેટીવ ફેડરેશન લિ. દ્વારા કરાયેલી રજૂઆતને સંદર્ભે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ભારત સરકારના કેન્દ્રીય કાપડ મંત્રી પીયુષ

ગોયલ, રાજ્ય કક્ષાના કાપડ મંત્રી દર્શના જરદોશ અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તેમજ સાંસદ સી.આર. પાટીલને રજૂઆત કરી હતી.

ચેમ્બર દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ, ટેકસટાઇલ ક્ષેત્રે વપરાતા કી રો મટિરિયલ્સ વપરાશકારોને વૈશ્વિક દરે, વૈશ્વિક ગુણવત્તા પ્રમાણે મળી રહે તેવો ભૂતકાળમાં ટેકસટાઇલ મંત્રાલય દ્વારા નાણાં મંત્રાલયને અભિપ્રાય આપવામાં આવ્યો હતો. અને તેના અનુસંધાને નાણાં મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨ના બજેટમાં જાહેર કર્યું હતું કે ટેકસટાઇલ ક્ષેત્રે વિવિંગ અને નિટિંગમાં વપરાશ કરવામાં આવતા કી રો મટિરિયલ્સ ઉપર કોઇપણ જાતની એન્ટી ડમ્પીગ, સીવીડી તથા એડીશનલ ડમ્પીગ ડયુટી નહીં લાગુ કરવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી હતી.

આ રજૂઆતના સંદર્ભમાં ચેમ્બર પાસે એમએસએમઇડી વિભાગ દ્વારા પણ ખુલાસો માગવામાં આવ્યો હતો. જે અંગે ચેમ્બર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન કી રો મટિરિયલ હોવાથી અને ટેકસટાઇલ મંત્રાલયના ભૂતકાળના અભિપ્રાયના અનુસંધાને ચેમ્બરનો મત, ટેકસટાઇલ મંત્રાલયના મતની સાથે સુસંગત હોઇ કી રો મટિરિયલ ઉપર એન્ટી ડમ્પીગ ડયુટી, સીવીડી તથા એન્ટી સબસિડી ડયુટી અને એડીશનલ કસ્ટમ ડયુટી લાદવામાં નહીં આવવું જોઇએ.

વધુમાં આ મુદ્દે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા, સુરત વિસ્કોસ વિવર્સ એસોસીએશનના પ્રતિનિધિ ધર્મેશ પટેલ તથા સુમિત અગ્રવાલ અને સુરેશ પટેલે સોમવાર, તા. ૯ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના કેન્દ્રીય કાપડ મંત્રી પીયુષ ગોયલ, રાજ્ય કક્ષાના કાપડ મંત્રી દર્શના જરદોશ અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તેમજ સાંસદ સી.આર. પાટીલની સાથે રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી હતી.

આ બધી રજૂઆતોને પગલે ડીજીટીઆર દ્વારા સોમવાર, તા. ૯ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ ઉપરોકત તપાસનો આખરી દિવસ હોવાથી ચાઇનાથી આયાત થતા ૬૦ ડેનીયરથી ઉપરના વિસ્કોસ ફિલામેન્ટ યાર્ન ઉપર કોઇપણ પ્રકારની એન્ટી સબસિડી ડયુટી લાદવામાં નહીં આવશે તેવો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો.

આ નિર્ણયના કારણે સુરતમાં બનતા આંતરરાષ્ટ્રીય કક્ષાના કાપડના નિકાસમાં વધારો થશે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા હાલમાં દેશમાંથી એકસપોર્ટ વધારવાની જે હાંકલ કરવામાં આવી હતી તેમાં ઝડપી યોગદાન સુરતની ટેકસટાઇલ ઇન્ડસ્ટ્રી આપી શકશે.

અત્રે નોંધનીય છે કે, સુરતના પાંડેસરા તથા વેડ રોડ સહિતના વિવિધ વિસ્તારોમાં ધમધમતા વણાટ ઉદ્યોગને ઘણી રાહત થશે.